Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:4.081
Volume-12, Issue-4, March-2019 www.researchguru.net

# ગુજરાત રાજ્યમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી કાનૂન: (૨૦૦૬-૨૦૧૮)

**જોશી મુકેશ પી**

પી.એચ.ડી,સ્ટુડન્ટ,મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી,સુરત,ગુજરાત.

**ટૂંકસાર:-** ગ્રામ્ય ક્ષેત્રે ગરીબી રેખા નીચે જીવતા નાગરિકોના જીવન સ્તર સુધારવા માટે ગ્રામ વિકાસ મંત્રાલય દ્વારા વખતો વખત વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે. આ અમલીકૃત કરવામાં આવેલ ઘણીબધી યોજનોઓ પૈકી ગ્રામિણ સમુદાય ની આજીવિકા સુરક્ષા માટે સરકાર દ્વારા વેતન યુક્ત રોજગારી ની યોજનાઓં પણ અમલમાં મુકેલ છે,જેને ઘણે અંશે સફળતા મળી છે.ગ્રામ વિકાસ માટે અમલીકૃત થતી રોજગાર યુક્ત યોજનાઓનું સતત મૂલ્યાંકન કરવામાં આવે તો આ યોજનાઓએ તેના મૂળભૂત હેતુઓ પૂર્ણ કર્યા છે કે નહિ તેનો ખ્યાલ આવી શકે અને સતત મુલ્યાંકન આધારે યોજનાની માર્ગદર્શિકામાં સુધારાઓ કરતા રહીએ અને જરૂરિયાત મુજબ નવી યોજનાઓ પણ ઘડવામાં આવે. આઝાદી બાદ અમલીકૃત કરવામાં આવેલ વિવિધ રોજગાર યુક્ત યોજનાઓનાં મૂલ્યાંકન અને ગ્રામીણ સ્તેર પ્રાપ્ત થયેલ પરિણામોના આધારે ભારતમાં વર્ષ ૨૦૦૫માં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી કાનૂન અમલ કરવામાં આવ્યો છે.આ કાયદાને અનુસરીને ગુજરાત સરકારે પણ ગામડાના લોકોને રોજગારી આપવાનો પડકાર ઝીલી " ગુજરાત ગ્રામ્ય રોજગાર બાંહેધરી યોજના" શરુ કરવામાં આવેલ છે. પ્રસ્તુત સંશોધન પેપરમાં ગુજરાત રાજ્યમાં અમલીકૃત કરેલ મનરેગા યોજનામાં વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૮ દરમ્યાન ઉદભવેલ કુટુંબદીઠ વાર્ષિક માનવશ્રમદિન, કુલ માનવશ્રમદિન,શ્રમિક કુટુંબોની ભાગીદારી અને યોજના અંતંગત આજદિન સુધી કરવામાં આવેલ નાણાંકીય જોગવાઈ અને ખર્ચ નું મૂલ્યાંકન કરવાનો હેતુ સમાયેલ છે.

**મુખ્ય શબ્દો:-** ગ્રામીણ સમુદાય, મનરેગા,મૂલ્યાંકન,સહભાગીતા,શ્રમિકો

## પ્રસ્તાવના:-

મહાત્મા ગાધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી એક્ટ ,૨૦૦૫ નો હેતુ દેશના અધિસૂચિત વિસ્તારોના પ્રત્યેક નોધાયેલ પરિવારોને પ્રતિવર્ષ ઓછામાં ઓછું ૧૦૦ દિવસ નું અકુશળ શ્રમ કાર્ય આપીને ગ્રામીણ કુટુંબોને ગરીબી અને ભૂખ થી બચાવવાનો છે કાયદાનો અમલ ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા ૨ ફેબ્રુઆરી-૨૦૦૬ થી દેશના સૌથી પછાત ૨૦૦

જિલ્લાઓમાં ત્યરબાદ ૧૧૩ અને ૧૭ જિલ્લાઓમાં અનુક્રમે ૧ એપ્રિલ,૨૦૦૭ અને ૧૫ મે,૨૦૦૭ માં તબક્કા વાર અમલીકરણ કરવામાં આવેલ અને વર્ષ ૨૦૦૮ થી બાકીના બધાજ જિલ્લાઓને આવરી લઈ હાલમાં આ કાયદો ભારત દેશમાં ૬૪૪ જિલ્લાઓ ની દરેક ગ્રામીણ વસ્તી સાથે જોડાયેલ છે.મનરેગા યોજનામાં શ્રેણીબન્દ્ધ જોગવાઈઓં દ્વારા ગ્રામીણ શ્રમિકોને સંખ્યાબંધ કાયદાકીય અધિકાર આપે છે. આ મુખ્યત્વે દસ કાયદાઓ શ્રમિકોને હક્ક અને અધિકાર પૂરું પાડતું એક મજબુત કાનૂની માળખું છે.આ મુખ્ય દસ અધિકારોમાં (૧) જોબકાર્ડ મેળવવાનો અધિકાર (૨) કામ માંગવાનો અને ૧૫ દિવસની અંદર કામ મેળવવાનો અધિકાર (૩) બેરોજગારી ભથ્થું મેળવવાનો અધિકાર (૪) કામસંગ્રહ પોથી( Shelf of Projects) કામની યાદી નું આયોજન કરવું અને તૈયાર કરવાનો અધિકાર (૫) પાંચ કી.મી વિસ્તારમાં કામ મેળવવાનો અધિકાર (૬) કામના સ્થળ પર સુવિધા મેળવવાનો અધિકાર (૭ & ૮) જાહેર કરાયેલ વેતન દર પ્રાપ્તિ અને ૧૫ દિવસમાં વેતનની રકમ મેળવવાનો અધિકાર (૯) વેતન ચુકવણીમાં વિલંબ થતાં મળવાપાત્ર વળતર અને (૧૦) સમય મર્યાદામાં ફરિયાદનો નિકાલ મેળવવાનો અધિકાર,સહસામાજિક અને થયેલ ખર્ચનું સામાજિક ઓડિટ નો સમાવેશ કરવામાં આવેલ છે.

**સાહિત્ય સારાંશ**:- ગ્રામીણ વિકાસ મંત્રાલય, સંસ્થાઓ તેમજ વ્યક્તિગત સંશોધકો દ્વારા રજુ થયેલ અહેવાલો જોવામાં આવેતો આ યોજના થકી (૧) આજીવિકાની સુરક્ષા અને વેતન દરમાં વધારો (૨) બેંક /પોસ્ટ ઓફીસ દ્વારા ચુકવણું અને નાણાકિય પારદર્શકતા (૩) સમુચિત વિકાસ (સર્વાંગી વિકાસ) (૪) મહિલા સશક્તીકરણ (૫) કુદરતી સંપદા પુનઃ પ્રાપ્ય તેમજ ટકાઉ વિકાસ (૬) ખેત ઉત્પદ્કતામાં વધારો જાણવા મળેલ છે.આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય કક્ષાએ વર્ષ ૨030 માટે નક્કી થયેલ ૧૭ ટકાઉ વિકાસના લક્ષ્યાંકો પૈકી મનરેગા સીધી કે આડકતરી રીતે ૧૩ લક્ષ્યાંકોનાં ૩૨ સુચંકો ને પૂર્ણ કરવા માટે મહત્વની બની રહેશે.

**સંસોધનનો હેતુ**:- ગુજરાત રાજ્ય દેશમાં ઝડપી વૃદ્ધિ,નોકરી,અને ઉધોગની વિપુલ તકો ધરાવતું સમૃદ્ધ અને મોટા રાજ્યો પૈકીનું એક રાજ્ય છે . વર્ષ ૨૦૧૧-૧૨ થી ૨૦૧૬-૧૭ સુધી ચાલુભાવે રાજ્યનો એકંદરે ઘરગથ્થુ આવકમાં (GDP) વાર્ષિક વૃદ્ધીનો દર ૧૩ ટકાથી વધુ હતો,જે સમગ્ર ભારત કરતા વધારે હોવાનું માલુમ પડેલ છે.. આથી ગુજરાત જેવા વિકસિત રાજ્યમાં મનરેગા યોજનાનાં અમલીકરણથી આજદિન સુધીનાં બાર વર્ષમાં (૨૦૦૬-૨૦૧૮) વર્ષવાર ઉત્પન્ન થયેલ માનવદિન રોજગારી,શ્રમિક કુટુબોની ભાગીદારી અને ગ્રામિણ ક્ક્ષાએ પૂર્ણ થયેલ કામો ની તારીજ જાણવાનો હેતુ સમાયેલ છે. જેથી બાર વર્ષનાં સમય દરમ્યાન ગ્રામિણ વિકાસમાં મહત્વરૂપ ગણાતી મનરેગા યોજનાનું રાજ્ય સ્તેર યોગદાન જાણી શકાય.

**સંસોધન પદ્ધતિ**:- અભ્યાસના હેતુસર મનરેગા યોજના અતર્ગત થયેલ નાણાંકીય આયોજન,પૂર્ણ થયેલ કામો તેમજ શ્રમિક કુટુબોની ભાગીદારીની આંકડાકીય વિગતો (વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૮)

જુદા જુદા સમયે સરકારશ્રીના અહેવાલ,માર્ગદર્શિકા તેમજ યોજનાના રાષ્ટ્રીય સ્તરે સંચાલિત ONLINE MIS સીસ્ટમ દ્વારા જે તે સમયે ઉપલબ્ધ માહિતી એકત્રિત કરવામાં આવેલ છે. એકત્રિત કરેલ આ માહિતીને ટકાવારી તેમજ સરેરાશ નાં આધાર પર વિશ્લેષણ કરી સંશોધનનો હેતુ પરિપૂર્ણ કરાયેલ છે.

ગુજરાત સરકારે પણ ગામડાના લોકોને રોજગારી આપવાનો પડકાર ઝીલી "ગુજરાત ગ્રામ્ય રોજગાર બાહેધરી યોજના" ને વર્ષ ૨૦૦૬-૦૭ થી ડાંગ,દાહોદ,નર્મદા,પંચમહાલ,સાબરકાંઠા અને બનાસકાંઠા એમ છ જીલ્લામાં શરુ કરવામાં આવેલ હતી ત્યારબાદ વર્ષ ૨૦૦૭-૦૮માં અન્ય ત્રણ જીલ્લાઓ વલસાડ,ભરૂચ અને નવસારી માં શરુ થયેલ હતી. વર્ષ ૨૦૦૮થી રાજ્ય સ્તેર જે જીલ્લાઓ ૧૦૦ ટકા શહેરી વસ્તી છે તે સિવાયના બધાંજ જીલ્લાઓને આવરી લઈ સમગ્ર રાજ્યમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી એક્ટ ,૨૦૦૫ અમલીકૃત થયેલ છે. હાલમાં ગુજરાત રાજ્યના ૩૩ જીલ્લાઓમાં આવેલ ૨૪૮ તાલુકાઓમાં સમાવિષ્ટ કુલ ૧૪,૪૩૪ ગ્રામ પંચાયતમાં આ યોજના કાર્યરત છે.યોજના અંર્તગત સમગ્ર રાજ્યમાં કુલે ૩૭.૮૭ લાખ શ્રમિક કૂટબો જોબકાર્ડ ધરાવે છે જેમાં ૮૫.૭૭ લાખ શ્રમિકો નો સમાવેશ થયેલ છે. યોજના અંતર્ગત સમાવિષ્ટ થયેલ કુલ શ્રમિકો પૈકી ૨૪.૫૧ લાખ શ્રમિકોને (૨૮.૫૭ %) રોજગારીનો લાભ મેળવી રહેલ છે જેથી કહી શકાય કે આ યોજનામાં રાજ્ય સ્તરે ૧૪.૫૮ લાખ કુટુંબો (૩૮.૫૦%) માટે આ યોજના આજીવિકાનું સાધન છે.

**<u>રાજ્ય સ્તેર મનરેગા યોજના (વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૮)</u>**

**<u>(૧) નાણાંકીય ખર્ચ:-</u>** ગુજરાત રાજ્ય માં મનરેગા યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૮ દરમ્યાન ૧૦,૪૯,૯૪૯ લાખની નાણાંકીય સહાય કેન્દ્ર દ્વારા મેળવેલ છે જે પૈકી ૫૯ ટકા જેટલી રકમનો વપરાશ રાજ્ય દ્વારા કરવામાં આવેલ છે (ટેબલ ક્રમાંક:-૧).વર્ષ વાર વિગત જોવામાં આવે તો સૌથી વધુ નાણાંકીય સહાય વર્ષ ૨૦૧૭-૧૮માં મેળવેલ હતી જેની સામે ફક્ત ૨૨ ટકા ખર્ચ કરવામાં આવેલ છે જે પાછલા ૧૧ વર્ષનાં નાણાંકીય ખર્ચની સરખામણીમાં સૌથી ઓછો છે. જયારે વર્ષ ૨૦૧૪-૧૫ માં મેળવેલ નાણાંકીય સહાય ની સામે તેજ વર્ષ માં સૌથી વધુ ૧૩૧ ટકા ખર્ચ રાજ્ય દ્વારા કરવામાં આવેલ છે. આમ રાજ્ય દ્વારા બાર વર્ષ માં ૧૩૧ ટકા થી લઈ ૨૨ ટકા સુધીનું ફંડ યોજના અંતર્ગત વાપરવામાં આવેલ છે. બાર વર્ષમાં થયેલ ખર્ચની ટકાવારીની સરેરાશ જોવામાં આવે તો રાજ્ય દ્વારા મનરેગા યોજનામાં મેળવેલ ફંડના ૮૦ ટકા ફંડ વાપરવામાં આવેલ છે. ઉપરોક્ત નાણાંકીય વપરાશનાં વધઘટ આધારે કહી શકાય કે કેન્દ્ર અને રાજ્ય નાં સયુક્ત સ્તરે યોજનાના અમલીકરણ માટે તૈયાર થતા લેબર બજેટમાં પારદર્શકતા તેમજ ગ્રામીણ પંચાયત દ્વારા તૈયાર કરવામાં આવતા વાર્ષિક લેબર બજેટની પદ્ધતિમાં બદલાવ ની જરૂરીયાત જણાય છે. જેથી કરી જુદાં –જુદા સ્તેરે જો લેબર બજેટની ચોક્કસ જાણકારી તેમજ

અમલીકરણ પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવે તો ગ્રામીણ કક્ષાએથી રાષ્ટ્રીય કક્ષાએ દર વર્ષે ચોક્કસ નાણાંકીય આયોજન તેમજ ખર્ચ ની અસમાનતા છેલ્લા બાર વર્ષમાં જોવા મળેલ છે તેમાં ઘટાડો કરી શકાય.

**ટેબલ:-૧ રાજ્ય સ્તરે મનરેગા યોજનામાં થયેલ નાણાંકીય ખર્ચ**

| વર્ષ | નાણાંકીય ફાળવણી (લાખમાં) | કુલ ખર્ચ (લાખમાં) | વાર્ષિક ખર્ચ ની ટકાવારી કેન્દ્ર દ્વારા ફાળવેલ નાણાંકીય સંદર્ભમાં |
|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૨૩૭૫ | ૮૫૮૫ | ૬૯ |
| ૨૦૦૭-૦૮ | ૧૨૬૮૧ | ૮૧૮૪ | ૬૫ |
| ૨૦૦૮-૦૯ | ૨૮૧૨૭ | ૧૯૬૦૧ | ૭૦ |
| ૨૦૦૯-૧૦ | ૯૮૧૮૧ | ૭૩૯૩૬ | ૭૫ |
| ૨૦૧૦-૧૧ | ૧૨૭૧૫૯ | ૭૮૮૨૨ | ૬૨ |
| ૨૦૧૧-૧૨ | ૮૩૭૭૯ | ૬૪૯૪૯ | ૭૮ |
| ૨૦૧૨-૧૩ | ૬૩૯૧૯ | ૬૧૭૪૨ | ૯૭ |
| ૨૦૧૩-૧૪ | ૪૭૮૦૩ | ૪૮૮૫૦ | ૧૦૨ |
| ૨૦૧૪-૧૫ | ૩૫૯૫૧ | ૪૭૦૧૯ | ૧૩૧ |
| ૨૦૧૫-૧૬ | ૪૦૪૪૯ | ૪૨૮૬૧ | ૧૦૬ |
| ૨૦૧૬-૧૭ | ૮૯૭૨૩ | ૭૪૨૧૧ | ૮૩ |
| ૨૦૧૭-૧૮ | ૪૦૯૮૦૩ | ૮૯૩૯૬ | ૨૨ |
| **કુલ** | **૧૦૪૯૯૪૯** | **૬૧૮૧૫૫** | **૫૯** |

સ્ત્રોત:- (1) http://mnregaweb4.nic.in/netnrega/all_lvl_details_dashboard

<u>(૨) શ્રમિક કુટુંબો:-</u> યોજનાની મૂળ માર્ગદર્શિકા માં જણાવ્યા મુજબ જો કોઈ ગ્રામીણ કુટુંબ પાસે રોજગારી ન હોય અને તે કુટુંબ રોજગારી મેળવવા ઇચ્છતું હોય તો જે તે શ્રમિક કુટુંબ ગ્રામ પંચાયત સ્તેર રોજગાર ની માંગણી કરીને કાયદાની જોગવાઈ મુજબ વધુમાં વધુ વાર્ષિક ૧૦૦ દિવસ ની રોજગારી મેળવી શકે છે. અહી કાયદાની મહત્વની જોગવાઈ મુજબ જેતે શ્રમિક કુટુંબ દ્વારા રોજગારીની માંગણી કરવી ફરજીયાત છે પરંતુ દરેક જરૂરિયાત શ્રમિકને પંચાયત દ્વારા કયારે અને કયું કામ યોજના અંર્તગત શરુ કરવામાં આવી રહ્યું છે તે જાણકારી હોય છે કે નહિ તે એક મહત્વનો પ્રશ્ન યોજનાના અમલીકરણ નાં બાર વર્ષ પછી પણ જોવા મળે છે. ગુજરાત રાજ્યમાં વાર્ષિક સરેરાશ રોજગાર મેળવેલ શ્રમિક કુટુબોની સંખ્યા જોવામાં આવે તો ૭.૩૨ લાખ જેટલી જાણવા મળેલ છે આ પૈકી જરૂરિયાત શ્રમિક કુટુંબો કેટલા ?, વર્ષ વાર રોજગાર યુક્ત

શ્રમિક કુટુંબો જોવામાં આવે તો સૌથી વધુ વર્ષ ૨૦૦૯-૧૦ માં ૧૫.૯૬ લાખ કુટુંબોએ યોજના અંતર્ગત રોજગારી મેળવેલ હતી (ટેબલ ક્રમાંક:૨). જયારે સૌથી ઓછી રોજગારી વર્ષ ૨૦૧૪-૧૫માં જાણવા મળેલ છે પરંતુ નાણાંકીય ખર્ચ ની વિગત પ્રમાણે આ વર્ષમાં સૌથી વધુ ખર્ચ રાજ્ય દ્વારા થયેલ હોવાનું જાણવા મળેલ છે જે અહી વિસંગતતા જોવા મળે છે.વર્ષ ૨૦૦૮-૦૯ થી ગુજરાતના દરેક ગ્રામીણ વસ્તી ધરાવતા જીલ્લામાં અમલીકૃત થયેલ આ યોજનામાં વર્ષ ૨૦૦૯-૧૦ બાદ રોજગાર યુક્ત શ્રમિક કુટુંબોની સંખ્યામાં ચડાવ ઉતાર જોવા મળે છે.આ ચડાવ ઉતાર જેતે વર્ષે થયેલ વરસાદ,કૃષિ ઉત્પાદન,અન્ય ક્ષેત્રોમાં વર્ષ દરમ્યાન ઉદભવતી રોજગારી તેમજ દૈનિક વેતન મહત્વનો ભાગ ભજવતા હોય છે પરંતુ ક્યાંક ને કયાંક બાર વર્ષ બાદ આજે પણ ગ્રામીણ સ્તેર ઉપરોક્ત પરિબળો અસર ન કરતા હોય તેવા શ્રમિક કુટુંબોની ચોક્કસ સંખ્યા કે દસ્તાવેજ જેતે સ્તેર ઉપલબ્ધ નથી જેથી રાજ્ય સ્તરે યોજનાની આયોજન અને અમલીકરણ પ્રક્રિયા ચોક્કસ દિશામાં જોવા મળતી નથી.

**(3)કુલ માનવ શ્રમદિન:-** ગુજરાત રાજ્યમાં યોજના અંતર્ગત છેલ્લા બાર વર્ષમાં વાર્ષિક માનવશ્રમદિન ની સરેરાશ ૨૭૭.૯૭ લાખ દિવસ જેટલી જાણવા મળેલ છે. વર્ષવાર વિગતો જોતા માલુમ પડે છે કે સૌથી વધુ વાર્ષિક માનવશ્રમદિન નું સર્જન વર્ષ ૨૦૦૯-૧૦ માં નોધાયેલ હતું જયારે સૌથી ઓછું વર્ષ ૨૦૦૮-૦૯માં જાણવા મળેલ છે કારણકે આ વર્ષ દરમ્યાન ગુજરાતનાં નાં સમગ્ર ગ્રામીણ વિસ્તારમાં યોજના અમલીકરણ ની શરૂઆત થઈ હતી .અગાઉ વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ માં ગુજરતના ચોક્કસ જીલ્લાઓ પુરતી આ યોજના મર્યાદિત હતી જેથી આ વર્ષોમાં માનવશ્રમદિન અનુક્રમે ૧૦૦.૪૮ અને ૯૦.૬૬ લાખ દિવસ જાણવા મળેલ છે.ઉપરોક્ત **ટેબલ ક્રમાંક ૨** માં માનવશ્રમદિન ની વિગતો જોતા માલુમ પડે છે કે વર્ષ ૨૦૧૬-૧૭ માં સર્જન થયેલ માનવશ્રમદિન ની સરખામણી જો વર્ષ ૨૦૦૯-૧૦ સાથે કરવામાં આવે તો વર્ષ ૨૦૧૬-૧૭માં લગભગ ૫૦ ટકા જેટલો માનવશ્રમદિનમાં ઘટાડો થયેલ છે. જેનાં મુખ્ય કારણો ઘણા હોઈ શકે જેમકે (૧) જોબકાર્ડ ની અવધી સમાપ્ત થતા નવાં જોબકાર્ડ ચોક્કસ આધાર પુરાવા સાથે અમલીકરણ થયા હોવા જોઈએ.(૨) સમયાનુસાર શ્રમિકોમાં યોજના પ્રત્યેનો ઉત્સાહ અથવા જરૂરિયાત ઓછી હોવી થવી (3) યોજના અંર્તગત મળતા વેતનદરો કરતા અન્ય અસંગઠીત ક્ષેત્રોમાં સારા વેતન મળવા. આમ બાર વર્ષ પછી માનવશ્રમ દિનમાં ઘટડો ક્યાંક કયાંક યોજનાની મૂળ માર્ગદર્શિકા તેમજ અમલીકરણ પદ્ધતિમાં બદલાવ લાવવવાની જરૂરિયાત હોવાનું લાગે છે.જેથી આવનાર સમયમાં બાર વર્ષનાં અનુભવના આધારે ચોક્કસ વ્યુહરચના સાથે ગરીબી નિવારણ માટેનાં આ વિશાળ કાર્યક્રમનો લાભ સુદ્રઢ રીતે જરૂરિયાત ગ્રામીણ શ્રમિકને મળી રહે.

| ટેબલ:-૨ રાજ્ય સ્તરે મનરેગા યોજનામાં શ્રમિકોની લોક ભાગીદારી | | | |
|---|---|---|---|
| વર્ષ | રોજગાર યુક્ત કુટુબો (લાખમાં) | માનવ શ્રમદિન (લાખમાં) | કુટુંબદીઠ વાર્ષિક માનવશ્રમદિન |
| ૨૦૦૬-૦૭ | ૨.૨૬ | ૧૦૦.૪૮ | ૪૪ |
| ૨૦૦૭-૦૮ | ૨.૯૧ | ૯૦.૬૬ | ૩૧ |
| ૨૦૦૮-૦૯ | ૮.૫૧ | ૨૧૩.૦૭ | ૨૫ |
| ૨૦૦૯-૧૦ | ૧૫.૯૬ | ૫૮૫.૧૦ | ૩૭ |
| ૨૦૧૦-૧૧ | ૧૦.૯૬ | ૪૯૧.૮૪ | ૪૫ |
| ૨૦૧૧-૧૨ | ૮.૨૧ | ૩૧૧.૨૧ | ૩૮ |
| ૨૦૧૨-૧૩ | ૬.૮૧ | ૨૮૧.૯૦ | ૪૧ |
| ૨૦૧૩-૧૪ | ૫.૭૯ | ૨૩૦.૩૦ | ૪૦ |
| ૨૦૧૪-૧૫ | ૫.૧૩ | ૧૮૧.૫૦ | ૩૫ |
| ૨૦૧૫-૧૬ | ૫.૫૭ | ૨૨૫.૪૧ | ૪૦ |
| ૨૦૧૬-૧૭ | ૭.૧૬ | ૨૭૧.૦૬ | ૩૮ |
| ૨૦૧૭-૧૮ | ૮.૬૧ | ૩૫૩.૦૯ | ૪૧ |
| સરેરાશ | ૭.૩૨ | ૨૭૭.૯૭ | ૩૮ |
| સ્ત્રોત:- (1) http://mnregaweb4.nic.in/netnrega/all_lvl_details_dashboard | | | |

<u>(૪) કુટુંબદીઠ વાર્ષિક માનવશ્રમદિન:-</u> રાષ્ટ્રીય સ્તરે કુટુંબદીઠ વાર્ષિક માનવશ્રમદિન ની બાર વર્ષની સરેરાશ ૪૬ માનવદિવસ જાણવા મળેલ છે જયારે ગુજરતમાં આ સરેરાશ ફક્ત ૩૮ માનવ દિવસ જાણવા મળે છે.રાજ્ય સ્તરે સૌથી વધુ કુટુંબદીઠ વાર્ષિક માનવશ્રમદિનનું નિર્માણ વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૧૦-૧૧ માં અનુક્રમે ૪૪ અને ૪૫ દિવસ જેટલું જાણવા મળેલ છે જયારે વર્ષ ૨૦૦૮-૦૯માં સૌથી ઓછા ૨૫ દિવસ કુટુંબદીઠ વાર્ષિક માનવશ્રમનું નિર્માણ જોવા મળેલ હતું <u>(ટેબલ ક્રમાંક:- ૨)</u>. આ સમય દરમ્યાન સમગ્ર ગુજરાતમાં યોજનાનું અમલીકરણ શરુ થયું હતું ત્યાર બાદ દરેક વર્ષોમાં કુટુંબદીઠ વાર્ષિક માનવશ્રમદિનમાં સદંતર ચડાવ ઉતાર જોવા મેળલ છે. કુટુંબ દીઠ વાર્ષિક ૧૦૦ દિવસ રોજગારીની ખાત્રી આપતો આ કાયદાનો લાભ ગુજરાતનાં ગ્રામીણ શ્રમિકો લઈ શક્યા નથી એવું કહી શકાય.ઓધોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહેલ ગુજરાતનાં અમુક શહેરી વિસ્તારની આસપાસના ગામડાઓ તેમજ પશુપાલન પ્રવુતિ સાથે સંકળાયેલા ચોક્કસ વિસ્તરમાં આ કાયદાની અસરકારકતા ઓછી હોવાનું કહી શકાય.સ્થાનિક

સ્તરે સંસ્થાઓ દ્વારા પણ કાયદાનાં મુખ્ય હેતુને અનુરૂપ અમલીકરણ અને આયોજન પ્રક્રિયામાં રહેલ ત્રુટી તેમજ લોક જાગૃતિના અભાવે વધુમાં વધુ કુટુંબદીઠ વાર્ષિક માનવશ્રમદિનનું સર્જન કરવામાં ગુજરાત રાષ્ટ્રીય સરેરાશ કરતાં પાછળ રહેલ છે.

(૫) કામ પૂર્ણતાનો દર :- મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર અધિનિયમ -૨૦૦૫ અન્વયે ગ્રામીણ વિસ્તારમાં રહેતા દરેક શ્રમિક કુટુંબને રોજગારીની સાથે ગ્રામ્ય વિસ્તારમાં વ્યક્તિગત કે સામુદાયિક લોકોપયોગી મિલ્કોતોનું નિર્માણ,જળસ્તર ઉચા લાવવા તથા પર્યાવરણની જાળવણી કરવામાં મદદ મળે તેવા કામોનું આયોજન સ્થાનિક સ્તરે થાય તે માટે યોજનામાં અધિકાર -૪ નું ઘડતર કરેલ છે.આ અધિકાર મુજબ જે તે ગામમાં વસવાટ કરતા લોકો ,સ્થાનિક અને તાલુકા પ્રસાસન તેમજ  અન્ય ગ્રામીણ વિકાસ માટે કામ કરતા વિભાગો સાથે મળી જે તે ગ્રામ પંચાયતનું સહભાગી પ્રક્રિયા દ્વારા અગ્રતાના ક્રમે ટકાઉ વિકાસના કામોનું આયોજન કરે છે .આ આયોજિત કામને ગ્રામ સભામાં મંજુર કરી પંચાયત સ્તેર થી લઈ તાલુકા અને જીલ્લા કક્ષા સુધી મંજુર કરવામાં આવતું હોય છે. આ પ્રક્રિયામાં જે તે કામોની યાદી સાથે આ કામો માટે જરૂરી કુલ માનવશ્રમ દિવસ સાથેનું શ્રમ અંદાજપત્રક (Labour Budget) કાયદાની કલમ ૧૩ થી ૧૬ હેઠળની જોગવાઈ અનુસાર તૈયાર કરતા હોય છે જે એક અનિવાર્ય વાર્ષિક કાર્ય આયોજન દસ્તાવેજ છે જેમાં, આયોજન,મંજુરી,નાણાં સ્રોત અને પ્રોજેક્ટ અમલીકરણની પદ્ધતિનો સમાવેશ થાય છે. ગુજરતમાં આજદિન સુધી (૨૦૦૬-૨૦૧૮) કુલ ૧૬.૪૧ લાખ કામોનું આયોજન લોકભાગીદારી દ્વારા કરવામાં આવેલ હોવા છતાં આયોજિત કુલ કામો પૈકી ફક્ત ૫૦ ટકા કામો ગ્રામીણ સ્તેર પૂર્ણ કરવામાં આવેલ છે બાકી રહેતા ૫૦ ટકા કામો (૮.૧૫ લાખ) અમલીકરણ એજન્સી દ્વારા શરુ કરવામાં આવેલ નથી કે પછી રદ કરી અધૂરા કામો નું યોગ્યદસ્તાવેજીકરણ કરવામાં આવેલ નથી(ટેબલ ક્રમાંક:-3). વર્ષ વાર કામ પૂર્ણતાનો દર જોવામાં આવે તો સૌથી વધુ વર્ષ ૨૦૦૯-૧૦માં ૮૯ ટકા જયારે સૌથી ઓછો દર વર્ષ ૨૦૧૧-૧૨ અને ૨૦૧૩-૧૪માં ૨૯ ટકા જેટલો માલુમ પડેલ છે.

**ટેબલ:-3 રાજ્ય સ્તરે મનરેગા યોજનામાં પૂર્ણ થયેલ કામો**

| વર્ષ | આયોજિત કામો (લાખમાં) | પૂર્ણ થયેલ કામો (લાખમાં) | પૂર્ણ થયેલ કામોની ટકાવારી |
|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૦.૦૯ | ૦.03 | 3૭ |
| ૨૦૦૭-૦૮ | ૦.૨૨ | ૦.૧૫ | ૬૭ |
| ૨૦૦૮-૦૯ | ૦.૪૭ | ૦.33 | ૭૦ |
| ૨૦૦૯-૧૦ | ૨.૯૭ | ૨.૬૪ | ૮૯ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૦.૮૫ | ૦.૪૫ | ૫૩ |
| ૨૦૧૧-૧૨ | ૧.૩૯ | ૦.૪૦ | ૨૯ |
| ૨૦૧૨-૧૩ | ૧.૧૩ | ૦.૫૩ | ૪૭ |
| ૨૦૧૩-૧૪ | ૦.૯૮ | ૦.૨૮ | ૨૯ |
| ૨૦૧૪-૧૫ | ૧.૦૯ | ૦.૫૮ | ૫૩ |
| ૨૦૧૫-૧૬ | ૧.૨૦ | ૦.૪૭ | ૩૯ |
| ૨૦૧૬-૧૭ | ૨.૩૫ | ૧.૦૭ | ૪૬ |
| ૨૦૧૭-૧૮ | ૩.૬૮ | ૧.૨૧ | ૩૩ |
| કુલ | ૧૬.૪૧ | ૮.૧૫ | ૫૦ |
| સ્ત્રોત:- (1) http://mnregaweb4.nic.in/netnrega/all_lvl_details_dashboard | | | |

ગ્રામીણ સ્તેર આયોજિત થતા કામોમાં મુખત્વે કૃષિક્ષેત્રે સંકળાયેલ વ્યક્તિગત /સામુદાયિક કામો અને ગ્રામીણ માળખાકીય સુવિધાના સામુદાયિક કામો મુખ્યત્વે ધ્યાને લેવામાં આવે છે જેથી રોજગારી ની સાથે ટકાઉ અસ્કયામતો થકી નિરંતર આર્થિક વિકાસ થતો રહે. જીલ્લા સ્તરે થયેલ કુલ આયોજિત કામોનાં કુલ ખર્ચ પૈકી ઓછામાં ઓછો ૬૦ ટકા ખર્ચ જમીન,પાણીના સ્ત્રોત અને વૃક્ષોના વિકાસ દ્વારા કૃષિ અને કૃષિ સંલગ્ન પ્રવુત્તિઓ સાથે સંકળાયેલ ઉત્પાદકીય અસ્કયામતોના સર્જન પાછળ જ થયેલ હોવો જોઈએ.આ સઘળી સંયોજિત આયોજન પ્રક્રિયા દરમ્યાન વ્યક્તિગત લાભાર્થીઓના જીવન નિર્વાહના વિકાસના કામોને અગ્રતા મળે તેની ચોક્કસાઈ જે તે સ્તરે જવાબદાર અમલીકરણ તંત્ર દ્વારા થવી જરૂરી છે.

**<u>સમાપન:-</u>** મહાત્મા ગાધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી એક્ટ ,૨૦૦૫ નો હેતુ દેશના અધિસૂચિત વિસ્તારોના પ્રત્યેક નોધાયેલ પરિવારોને પ્રતિવર્ષ ઓછામાં ઓછું ૧૦૦ દિવસ નું અકુશળ શ્રમ કાર્ય આપીને ગ્રામીણ કુટુબોને ગરીબી અને ભૂખ થી બચાવવાનો છે સાથે સાથે યોજના અંર્તગત લોકાઉપયોગી અસ્કયામતોનું નિર્માણ થાય જેથી ગ્રામીણ વિસ્તારમાં ટકાઉ વિકાસની નિરંતર પ્રક્રિયા ચાલુ રહે જેથી આવનાર સમયમાં ગ્રામીણ સમાજ સરકાર,સંસ્થા કે અન્ય રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય એજન્સી પર આધારિત ન રહેતા પોતાના પ્રશ્નોનું સ્થાનિક સંસાધનોના ઉપયોગથી નિરાકરણ કરતા થાય અને સમાજિક તેમજ આર્થિક લોકભાગીદાર સ્થાનિક કક્ષાએ થી વધુમાં વધુ પ્રબળ બને. આ યોજનાને કાયદાકીય સ્વરૂપ આપવાથી યોજનાની અસરકારતા વધશે તે માનવું કદાચ ભૂલ ભરેલ જણાશે કારણ યોજના નાં બાર વર્ષ પછી પણ માનવશ્રમ દિવસ નું નિર્માણ કરવા માટે (લેબર બજેટ) કામોનું આયોજન કરવામાં આવે છે કે પછી ગ્રામીણ સ્તરે હકીકતમાં કામોની જરૂરિયાત હોવાથી માનવશ્રમ દળની જરૂરિયાત રહેલ છે તે મુજ્વતો પ્રશ્ન આયોજન અને અમલીકરણ સંસ્થા સમક્ષ ઉદભવેલ છે. યોજનાનાં અમલી કરણના બાર વર્ષ બાદ ગ્રામીણ સ્તેર થી રાષ્ટ્રીય સ્તેર આ યોજનાની

અસરકારકતાનો અભ્યાસ થવો ખુબ જ જરૂરી છે જેથી આવનાર સમયમાં શ્રમિક લાભાર્થીઓ,વિકાસ થી વંચિત રહેલ વિસ્તારો, અમલીકરણ એજન્સીઓ તેમજ અમલીકરણ પદ્ધતિ અંગે યોજનાની માર્ગદર્શિકામાં બદલાવ લાવી શકાય. એક જ ભોગોલીક વિસ્તરમાં સમાવિષ્ટ જીલ્લા,તાલુકા કે ગ્રામ પંચાયતોમાં યોજનાની અસરકારકતા સમજવી જરૂરી બની રહે છે કારણકે એક જ તાલુકાની સઘળી ગ્રામ પંચાયત કે પછી એકજ જીલ્લામાં આવેલ સઘળા તાલુકા સ્તર ની પ્રગતીમાં પણ વિસંગતતા જાણવા મળે છે.

**સંદર્ભ સૂચી;-**


૧.ગુજરાતી વિશ્વકોશ,(૧૯૯૪),ખંડ-૬.ગ.ધો.ગુજરાતી વિશ્વકોષ ટ્રસ્ટ,અમદાવાદ.

૨.રાષ્ટ્રીય ગ્રામ્ય રોજગાર બાહેધરી અધિનિયમ -૨૦૦૫,માહિતી પુસ્તિકા,સરદાર પટેલ રાજ્ય વહીવટી સંસ્થા (સ્પીપા).

૩.પ્રવીણ અજુડિયા,સંગીતા પારખીયા,યોજના (૨૦૦૧૪),અક્ષર પબ્લિકેશન,અમદાવાદ.

૪.ગ્રામ પંચાયત ગાઈડબુક,ફેબ્રુઆરી (૨૦૧૧),પંચાયતી રાજ મત્રાલય અને ગ્રામિણ વિકાસ મંત્રાલય.

૫.ગ્રામ વિકાસ એક નજર કાર્યક્રમો.... ,ગ્રામિણ વિકાસ મંત્રાલય

૬.MAHATMA GANDHI NATIONAL RURAL EMPLOYMENT GUARANTEE ACT, 2005, REPORT TO THE PEPLE, 2, February 2013.

૭.ગ્રામીણ વિકાસ મંત્રાલય,ભારત સરકાર (૨૦૧૬-૧૭),માસ્ટર સરક્યુલર બૃહદ પરિપત્ર.

૮.https://www.devalt.org/images/L2_ProjectPdfs/MGNREGS_SDGs_DA.pdf

૯,http://nrega.nic.in/netnrega/home.aspx